# પ્રેસનોટ

## સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી  નિમિત્તે તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ

વિષય : સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત તાપીમાતાની આરાધના કાર્યક્રમ.

સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મ દિનની ઉજવણી પ્રસંગે તા.૨૫/૦૬/૨૦૨૩ને રવિવારના રોજ સાંજે નાવડી ઓવારા, જુની કોર્ટ સામે, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી તાપીમાતાની આરાધના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે, આ પંકિતમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહ્યું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન, અને નર્મદાના દર્શનથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે. નદી એ માનવજાતને પાળતી પોષતી, સમૃધ્ધ કરતી અને સંસ્કૃતિનું સર્જન કરતી હોવાથી તેને માતાનો દરજ્જો મળ્યો છે. મધ્યપ્રદેશ  સ્થિત સાતપુડા પર્વતમાળામાં બૈતુલ  જિલ્લાના મૂલતાઇ નામના ગામ પાસેથી નીકળી સુરત શહેરના  કિનારેથી અરબી સમુદ્રમાં  વિલીન થતી અને સુરત શહેરને સદૈવ સમૃદ્ધ રાખનારી પુણ્ય સલિલા તાપી મૈયાના જન્મદિને શહેરના પ્રથમ નાગરિક મા.મેયરશ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, ધારાસભ્યશ્રી અરવિંદભાઇ રાણા, ડે.મેયરશ્રી દિનેશભાઇ જોધાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઇ પટેલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી પૂર્ણિમાબેન દાવલે, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને ઉપસ્થિત નગરજનોના સાનિધ્યમાં સુરત શહેર માટે કલ્યાણકારી ભવિષ્યની વાંચ્છના સાથે દીપ પ્રગટાવી તાપી માતાની આરતી ઉતારી હતી. વૈદિક મંત્રોચ્ચાર સહ પૂજા અર્ચના કરી સુરતના  વિકાસની નવી ઊંચાઇઓ પાર કરવા તાપી માતાના આશિષ વરસતા રહેશે તેવી પ્રાર્થના કરી હતી.

સમાચારયાદી નં.૧૩૦, તા.૨૬/૦૬/૨૦૨૩, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.


